નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯ ૨૩૨૫૬૩૦૯
ઇ.મેલ:dir-sd@gujarat.gov.in

સત્યમેવ જયતે

જા.નં.મકમ/પરિપત્ર/૨૦૧૮-૧૯/૬૩૦૫ તા. ૧૮/૦૯/૨૦૧૮

# પરિપત્ર

**વિષય:-** ૧૧ માસ કરાર આધારિત જગ્યાઓ સિવાયની વધારાની જગ્યાઓ પર નિમણુંક આપવા બાબત

**સંદર્ભ:-** અત્રેની કચેરીનો આદેશ નં.સસુખા/મકમ/૨૦૧૭-૧૮/૨૦૪૦ તા.૨૦/૦૪/૨૦૧૭.

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સરકારી સંસ્થાઓ , ચિલ્ડ્રન/ઓબ્ઝર્વેશન હોમમાં અત્રેની કચેરીના ઉપરોક્ત સંદર્ભિત પત્રથી તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા ૧૧ માસ કરાર આધારિત જગ્યાઓ ભરવા અંગે મંજુરી આપવામાં આવેલ છે. સદરહું મંજુરીને આધીન જે તે જગ્યાઓ પર નિયમોનુસાર યોગ્ય કર્મચારીઓની નિમણુંક કરવાની રહેશે. મંજુર થયેલ મહેકમ સિવાય કોઈપણ કર્મચારીની કરાર આધારીત અથવા આઉટસોર્સિંગ દ્વારા નિમણુંક કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની તથા સરકારી સંસ્થાના વડાની રહેશે તથા કસુરવાર અધિકારી સામે ગુજરાત રાજ્ય સેવા શિસ્ત અને અપીલ નિયમો :૧૯૭૧ અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

સદરહું પરિપત્ર મળ્યાની પહોંચ મોકલી આપવી.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય ગાંધીનગર.

નકલ રવાના:-

૧) વડી કચેરીની તમામ શાખાના વડાઓને જાણ સારૂં.
૨) તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જરૂરી અમલ કરવા સારૂં.
૩) ખાતા હસ્તકની તમામ સરકારી ચિલ્ડ્રન હોમ/ઓબ્ઝર્વેશન હોમ વડાઓને જરૂરી અમલ સારૂં.